# પલાશ

શ્રી ઝવેરચંદ મેઘાણી
## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

વર્ષ : ૧ ૧૫ નવેમ્બર ૨૦૦૨ અંક : ૩

તંત્રી : એન. જે. મકવાણા
સહ તંત્રી : સી. ટી. ટુંડીયા
સંપાદક : ડાયેટ પરિવાર, સુરેન્દ્રનગર
તકનિક : ડી. કે. ગોસાઈ

### સર્જકોને

- શિક્ષકોને પ્રેરણાદાયી, વર્ગ શિક્ષણ કાર્યમાં ઉપયોગી બને તેવા મૌલિક, સરળ ભાષામાં અભ્યાસપૂર્ણ, અનુભવજન્ય, ટૂંકા લેખો આવકાર્ય છે.
- બાળક, શાળા કે શિક્ષણ કેન્દ્રી વાર્તાઓ - બાળ કાવ્યો, પ્રસંગકથા-ઘટનાઓ, સ્થાનિક પર્યાવરણને અનુરૂપ લેખો આવકાર્ય છે.
- અન્યત્ર પ્રગટ થયેલ કૃતિ ન મોકલવી.
- લેખ પ્રકાશન અંગે પત્ર વ્યવહાર ન કરવો.
- સામયિકમાં પ્રસિધ્ધ થતા વિચાર સાથે તંત્રી સહમત છે તેમ માનવું નહી.

"શું આપે નવા વર્ષે નવા સંકલ્પો કર્યા ?" ચાલો... તેને કાર્યાન્વિત કરીએ:

પત્ર વ્યવહારનું સરનામું :

પ્રતિ,
તંત્રીશ્રી,(પલાશ)
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરુકુળની સામે,
સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧
ફોન / ફેક્સ : (૦૨૭૫૨)૨૩૧૭૦
E-Mail : dietsnr@yahoo.co.in.

## નૂતન વર્ષાભિનંદન...

શિક્ષણના ક્ષેત્રમાં સેવા આપી રહેલા, બાળકોના વ્યક્તિત્વને આધુનિક જરૂરિયાત મુજબના આકાર આપનાર ખરા શિલ્પીઓને નવા વર્ષના સાલ મુબારક...

સતત અને લાંબા સમય સુધી એકધારું કાર્ય કરવાથી થાક અનુભવાય તે સહજ, સ્વાભાવિક અને મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે. તેથી જ વેકેશન નવી તાજગી પ્રાપ્ત કરવા માટે આપણને સૌને ખૂબ ઉપયોગી થાય છે. આ તાજગી શિક્ષણ કાર્યમાં નવા પ્રયોગો કરવામાં ઉપયોગી નીવડે છે.

તો ચાલો આપણે સૌ નવા વર્ષે નવા સંકલ્પો સાથે તેમજ નવા વિચારો, સ્ફૂર્તિ અને જોમ-જુસ્સા સાથે ફરી પાછા બાળકોના ઘડતરના ઉમદા કાર્યમાં લાગી જઈએ.

તાજેતરમાં શિક્ષણમાં ગુણવત્તા સુધાર અંગેના કાર્યક્રમો પૂરજોશમાં ચાલી રહયાં છે. પ્રાથમિકથી આગળ વધીને રાજ્યના તમામ માધ્યમિક શાળાના આચાર્યોના અસરકારક નેતૃત્વ અંગેના તથા ગુણવત્તા સુધાર અંગેના કાર્યક્રમો ચાલી રહયાં છે. આમ પ્રાથમિક અને માધ્યમિક બંને ક્ષેત્રે શિક્ષણમાં નવી ચેતના આવી રહી છે.

ઉનાળાની ગરમીમાં સફળતા પૂર્વક બાળરમતોત્સવ ની ઉજવણી કરવામાં આવી. તેને સફળતા બક્ષનાર આપ સૌને અભિનંદન. ટૂંક સમયમાં બાળમેળા અને વિજ્ઞાનમેળા યોજાનાર છે. તે અંગેની વિસ્તૃત સમજૂતિ-માહિતી આ અંકમાં મૂકવામાં આવી છે. ચાલો આપણે સૌ તે કાર્યક્રમમાં વધુને વધુ લોકસહકાર મેળવીને સફળ બનાવીએ. બાળમેળા અને વિજ્ઞાનમેળા આપની શાળામાં સહકારથી અને સફળતાપૂર્વક યોજાય તે માટે શુભેચ્છાઓ...

ફરી... તમામ આચાર્યશ્રી, કેળવણી નિરીક્ષકશ્રી, બી.આર.સી.કો.ઓર્ડી., સી.આર.સી.કો.ઓર્ડી., તથા તમામ શિક્ષક ભાઈ-બહેનોને ડાયેટ પરિવાર વતી હાર્દિક શુભ કામનાઓ...નૂતન વર્ષાભિનંદન.

એન.જે.મકવાણા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

# બાળમેળાના આયોજન અંગેની સૂચનાઓ :

– એન. જે. મકવાણા

૧. સી.આર.સી. કક્ષાના બાળમેળાના ખર્ચ અંગે માર્ગદર્શન :

| | | |
|---|---|---|
| ૧. | પ્રવૃત્તિઓ માટે મટીરીયલ્સ ખર્ચ : (૨૦૦–૨૫૦ બાળકોને પૂરૂ પડે તેટલું) | રૂા. ૧૦૦૦/– |
| ૨. | બાળમેળામાંચા–પાણી ખર્ચ : | રૂા. ૨૫૦/– |
| ૩. | કન્ટીજન્સી ખર્ચ(સજાવટ. ફોટોગ્રાફ્સ.બેનર): | રૂા. ૨૫૦/– |

લેખ વાંચ્યા બાદ બ્રેકઅપને સમજવો સરળ થશે. બાળમેળામાં ૧૦(દશ) જેટલી પ્રવૃત્તિઓ (બાલવાર્તા–નાટક, અભિનયગીત, બાલ રમત અને માટીકામ) તો કોઈપણ મટીરીયલ્સ ખર્ચ વગરની જ છે ને!

- બાળમેળામાં બાળકો–શિક્ષકો ભાથું/નાસ્તો સાથે લઈને આવે તેવો નમ્ર પ્રયાસ કરવો.
- શક્ય બને ત્યાં સુધી લોકફાળો કરીને ઉત્તમ સગવડતા ઉભી કરી શકાય.
- ફોટોગ્રાફ બાળ પ્રવૃત્તિને કેન્દ્રમાં રાખી પાડવા.

૨. સમય અંગે માર્ગદર્શન :

- દરેક પ્રવૃત્તિ કરવા બાળકોને ૩૦ મિનિટ આપતા ૧૦ પ્રવૃત્તિ કરવા માટેનો સમય – ૦૫ કલાક
- ખંડ બદલવા ૫ મિનિટ ગણાતા – ૪૫ મિનિટ
- પાંચ પ્રવૃત્તિ બાદ વિશ્રાંતિ માટે – ૪૦ મિનિટ
- ઉદઘાટન – સમાપન (બાળકેન્દ્રી) – ૩૦ મિનિટ

આમ, અંદાજિત ૭ (સાત) કલાકને ધ્યાનમાં રાખી આયોજન કરવું.

<u>ખાસ નોંધ</u> :દરેક સી.આર.સી.એ બાળમેળાનો વિગતવાર અહેવાલ ત્રણ થી ચાર ફોટા સાથે તેમજ હિસાબની ઝેરોક્ષ નકલ સાથે જે તે લાયઝન ઓફિસરને દિન–૧૦ ની અંદર મોકલી આપવા.

**પ્રાચાર્ય, ડાયેટ–સુરેન્દ્રનગર**

બાળકને પોતાની જાતને ઓળખતા તથા પોતાના પર પ્રભુત્વ કરતાં શીખવવું એ બાળકને આપેલી સૌથી વધારે સુંદર બક્ષીસ છે.

**– શ્રી માતાજી**

ભવિષ્યનો એક સમાજ બાળક સ્વરૂપે વિકાસ સાધે છે.વાલી સહયોગ વિના સુંદર વિકાસ સંભવિત નથી.

**– રમેશ દવે**

# ચાલો, બાળમેળાની આનંદયાત્રામાં...

સોનલ કે. ચૌહાણ

બાળમેળો એ તો બાળકોનો અભિવ્યકત થવાનો કાર્યક્રમ છે, બાળકોમાં પડેલી સુષુપ્ત શકિતઓને જગાડવાનો કાર્યક્રમ છે, આત્મવિશ્વાસ અને આત્મશ્રધ્ધા પ્રેરવાનો કાર્યક્રમ છે. બાળકોમાં રહેલી વિશેષતાઓને બહાર લાવવાનો કાર્યક્રમ છે. બાળમેળો એ સર્જનની પાંખે ચડીને કરાતી આનંદયાત્રા છે. ચાલો, આપણે આ આનંદયાત્રામાં વિહાર કરીએ...

અરે વાહ! આ શું? કેટલું સુંદર પ્રવેશદ્વાર છે! જાણે કે ફૂગ્ગાના બે ઝાડ અને કમાન તો જાણે મીકી ડોનાલ્ડ અને પ્રાણીઓની અદ્ભુત દુનિયા! મેદાન પણ કેટલું સુંદર ભાસે છે! કયાંક ફૂલોની તો કયાંક ચિરોડીથી રંગોળીઓ કરી છે! આસોપાલવ અને કાગળના તોરણો બાધ્યાંછે. જોઈને લાગે છે કે કોઈ અનેરો ઉત્સવ આ આંગણમાં જાણે કે ન હોય! શણગારેલા સ્વચ્છ મેદાનમાં હાથમાં ફુગ્ગા લઈને બેઠેલા બાળકો મેદાનની શોભા વધારે છે. કેટલું નયનરમ્ય દ્રશ્ય! સંગીતના સૂરે બાળકો ફૂગ્ગાવાળા હાથ હવામાં ડોલાવે છે. સંગીત સૂર બંધ થતા જ અરેરેરે... આ શું...? ફટ્ ફટ્ ફટ્... એક સાથે બધા બાળકો કિકિયારી સાથે ફૂગ્ગા ફોડે છે, તો કેટલાંક હવામાં છોડે છે. હા, આ છે બાળમેળાનું ઉદ્ઘાટન. છે ને કેટલુ અદકેરૂં! ન કોઈ ભાષણ, ન કોઈ દીપ પ્રાગટ્ય. અરે દરેક બાળકનો દીલદારૂપી ચહેરો આનંદથી ઝગમગી રહયો છે ને! સંગીતના સૂરે શિક્ષકોની રાહબરી હેઠળ ૨૦ થી ૨૫ની ટુકડીમાં કૂચ કરતાં કરતાં બાળકો જુદા જુદા ખંડમાંજવા લાગ્યા. ચાલો, મારી સાથે, બાળકો શું કરી રહયા છે? ચાલો ડોકયું કરી લઈએ.

બાળકોની એક ટુકડી મેદાનમાં વૃક્ષનાં છાયા હેઠળ 'નદી–પર્વત' રમત રમવા લાગી. આ રમત પૂરી થઈ કે તરત જ શિક્ષકે સંગીત ખુરશીની બીજી રમત રમાડવાની શરૂઆત કરી. સંગીત ખુરશીની રમત પણ કેવી ખુરશી વગરની. છે ને શિક્ષકની આવડત! અગવડતામાં પણ સગવડતા! એક, બે, ત્રણ, ચાર... રમત ઉપર રમત થાક વગર આનંદ સાથે રમતાં બાળકોને જોઈ શું બાળપણ યાદ ન આવી જાય?

અને આ બાળકોની બીજી ટુકડી મેદાનમાં છાયડા હેઠળ વર્તુળાકારે બેસીને શું કરે છે? આ ચંચળ બાળકો એકાગ્રતાથી શાંત કેમ બેઠા છ? ચાલો, જોઈએ. અરે ! આ શું? જાણે કે નાના–નાના શિલ્પકારો... પોતાના નાજુક હાથ વડે મનની કલ્પનાને માટીમાં ઘાટ આપી રહયા છે. માટીકામની આ પ્રવૃત્તિમાં કેટલા એકરૂપ બની ગયા છે! જાણે કે દુનિયાનું સર્જન કરતા બ્રહ્મા!

તો પેલી બાજુ, બાળકોની ત્રીજી ટુકડી ઓસરીમાં લાઈનમાં બેસીને ચિરોડી, મગફળીનાં ફોફાં, લાકડાનો રંગીન વ્હેર, કચૂકા, ચણોઠી બિયાં, આંબલીયા... વગેરે અનેક વિધ વસ્તુઓને ગોઠવી ગોઠવીને રંગોળી બનાવી રહયા છે. વાહ! શાળામાં મંગળ ઉત્સવ ઉજવવો હોય તેવું ભાસે છે. તો સાથે એમ પણ ભાસે છે કે દિવાળીનો ઉત્સવ ઉજવાતો ન હોય!

શાળાના પ્રથમખંડના દ્વારને કાગળના રમકડાંથી શણગારેલ છે. હા ભાઈ હા! આ ખંડમાં કાગળકામની પ્રવૃત્તિ ચાલુ છે. જુઓ બાળકોએ કાગળમાંથી કેવા સરસ રંગબેરંગી રમકડાં બનાવ્યા છે! પેલી હોડી અને સ્ટીમરને જોઈને થાય છે કે જાણે હમણાં પાણીમાં તરવા લાગશે! સાપ, વિમાન, કેમેરા, ફૂગ્ગો, ઉડતું પંખી, પાકીટ... કેટલાં વિધ વિધ રમકડાં બાળકોએ બનાવ્યા છે! પોત પોતાના બનાવેલ રમકડાં કેટલાં હરખ અને ગર્વથી શિક્ષકને દેખાડે છે ! છે ને સુંદર દ્રશ્ય !

બાજુના ખંડમાંથી તો સંગીતના સૂર સંભળાય છે ને! હા, ત્યાંતો બાળગીતો અને અભિનયગીતોની રમઝટ જામી છે. શિક્ષકો તબલા, ખંજરી, ઢોલ, પેટીના સૂર રેલાવે છે તો બાળકો મસ્ત બનીને ઝૂમે છે, નાચે છે, ગાય છે. નાના–નાના

બાળકોનાં પગના સ્ટેપ, હાથનો અભિનય અને ચહેરા પરનો ભાવ કેટલો શબ્દને અનુરૂપ છે! જાણે કે સાચ્ચે જ ફૂલડે–ફૂલડે પતંગિયા ફરતાંન હોય! ખરેખર ઢિંગલીબેનના લગ્નના માંડવા રોપાયા ન હોય! હા, સૂર–લય–તાલમા તરબોળ બની કેવી આનંદની અનુભૂતિ કરી રહયા છે!

શાળાના ત્રીજા ખંડમાં શું ચાલે છે? તેનું દ્વાર તો જુઓ! ગ્રિટીંગ્સથી શણગારેલ છે. વાહ! આ તો છાપ પાડીને તૈયાર કરેલા કાર્ડ છે. ડુંગળી, બટેટાં, ભીંડા, કાગળના ડુચા, દોરા, કોડી, બોલપેનના ઢાંકણ, આંગળીઓ, અરે... બિલ્લાં અને પાંદડાં પણ... વગેરેની છાપ પાડીને કેવી કેવી ડિઝાઈન આ બાળ કલાકારો તૈયાર કરી રહયા છે! અને શિક્ષકો કેટલા પ્રેમથી બાળકોને જોઈતી વસતુઓ આપી રહયા છે. બાળકોના કાર્ડને બિરદાવી રહયા છે અને સાથે સાથે બાળકોના કપડાં ન બગડે તેવી કાળજી રાખવાનુંકહી રહયા છે. બાળકોનું સર્જન કેવું બેનમૂન લાગે છે! કેમ, દિવાળી પર આવા ગ્રિટીંગ્સ્ તૈયાર કરીને મોકલાવવા જેવાં લાગે છે ને!

અરે, આ ચોથા ખંડમાં હા... હા, હી... હી તાળીઓનો અવાજ કેમ આવી રહયો છે! ચાલો, જોઈએ. અરે! અહીંતો જાદુની દુનિયા છે! ફૂલોના રંગ બદલવા, કાગળના રંગ બદલવા, કોરા કાગળને વાંચવો, પૂઠાંના વાંદરાને કૂદાવવો, ડોલતી ઢિંગલી, રેતીમાં આગ, પાણી પર સોઈ તરાવવી, કાગળ પર ખીલ્લી દોડાવવી... છે ને બાળકો માટેની હેરત ભરી આ દુનિયા! ચહેરા પર કેટલું આશ્ચર્ય છે! અત્યારે તો આ બધાં નાના નાના બાળ જાદુગરો જેવાં દીસે છે. બાળકો કેટલાં મશગૂલ થઈ ગયા છે કે મુલાકાતીઓ તરફ ધ્યાન પણ જતું નથી.

અને આ ખંડ તો જુઓ! કેવો સરસ શણગારેલ છે! કાર્ટૂન, પ્રાણીઓ, પક્ષીઓ.. વિ.ના ચિત્રોથી. હા, અહીં કેટલાંક બાળકો ચિત્રો દોરી રહયા છે તો કેટલાંક ચિત્રોમાં મનગમતા રંગો પૂરી રહયા છે. કોઈનો લીલો પોપટ તો કોઈનો વળી લાલ. બાળકોની કલ્પનાના હાથી પણ વિવિધ રંગના અને આ કાર્ટૂનો જાણે કે રંગોની અને હાસ્યની દુનિયા. બાળકોની નાની–નાની આંગળીઓમાં ચિર્ણીયા રંગો કેવા શોભી રહયા છે! જાણે ચિંત્રકારના હાથમાં પીંછી. રંગોની મેળવણી પણ કેટલી સુંદર છે! એક બાળગીત યાદ આવી જાય છે– " દરબાર છે દરબાર આ રંગ તણો દરબાર, હું લાલ રંગ છું રાજા, લીલો મારો સરદાર..."

અને અહીં આવો. જલ્દીથી. ચૂપચાપ. શં... અવાજ નહીં. બાળકો કેટલાં તન્મયતાથી શિક્ષક પાસેથી વાર્તા સાંભળે છે! "રાજા કરતાં મારી ટોપી સારી..." ક્યાં સમય જાય છે તેનો ખ્યાલ પણ નથી આવતો. વાર્તા પૂરી થતાની સાથે જ તાળીઓનો ગડગડાટ. વાર્તાનું નાટક ભજવવા માટે શિક્ષકે કરેલો પડકાર. ત્યાં તો નાટક ભજવવા બધાંજ તૈયાર. ના કોઈ પડદો, ના કોઈ વેષભૂષા, ન કોઈ સ્ક્રિપ્ટ કે ન કોઈ પૂર્વ તૈયારી. તેમ છતાં સમજાય તેવું, ગમી જાય તેવુંબાળકો એ ભજવેલું નાટક. વાહ! કેટલી ગજબની સ્મૃતિ શકિત બાળકોમાંરહેલી છે!

જોતા ધરાઈએ નહીં તેવી પ્રવૃત્તિઓ. બાળકોને મુકત મને કાર્ય કરવા દઈએ તો કેટલું સુંદર પરિણામ મળી શકે તે તો બાળમેળો જુવે તેને જ ખ્યાલ આવે. અને આ ચિટકકામ તો જુઓ ! રંગબેરંગી કાગળોને કાપીને, ટીલડી, ચાંદલા, ફૂકા, કાચ... ચિટકકામ કરીને કેવી ભાતંભાતની ડિઝાઈન તૈયાર કરી છે! છે કોઈને પણ સમયનું ભાન! છે મુલાકાતીઓની અવર–જવરમાં રસ!

મેળામાં આ બાળકો ક્યાંક શિલ્પકાર તો ક્યાંક ચિત્રકાર, ક્યાંક ગાયક અને નૃત્યકાર તો ક્યાંક નાના વૈજ્ઞાનિક બની જાય છે. કાપવાં, છાપવાં, ચોંટાડવા, રંગકામ, ચિત્રકામ દ્વારા અજાણે ભાષા–પર્યાવરણ–ગણિતનું શિક્ષણતો લઈ જ રહયાંછે તો સાથે સાથે સમૂહભાવના, ચીવટતાં, સ્વચ્છતા, સુઘડતાં જેવાં આંતરિક ગુણો વિકસાવી

રહયા છે જે વિશે બાળકોને જરા પણ ખ્યાલ નથી. અને આ જ છે સાચું શિક્ષણ.

રમતાંરમતાંભણવાનુંને થાતું જીવન ઘડતર ,
ભાર વિનાનુંભણતર ભાઈ ભાર વિનાનુંભણતર...

બાળમેળામાં બાળકો દ્વારા તૈયાર થયેલ કૃતિઓ નિહાળતાંતો લાગે છે કે બાળમેળાની પ્રવૃતિઓ દ્વારા બાળકોમાં ક્રિયાશીલતા, સર્જનવૃતિ, વિચારશકિત, અભિવ્યકિત કેવી ખીલેલી જોવા મળે છે! તો સાથે સાથે તેમના માસૂમ ચહેરાં જોતા લાગે છે – છે ને ગજબનો આત્મવિશ્વાસ, અંતઃતૃપ્તિ, જીજ્ઞાસા, વિસ્મય! શું બાળકો વર્ગમાંજે શીખે છે તેના કરતાંપણ અદકેરું શીખતાં હોય તેવું નથી લાગતું!

આ બાળમેળાનું આયોજન, વ્યવસ્થા પણ કેટલી વ્યવસ્થિત અને અદ્દભૂત હતી! પ્રવેશદ્વારથી લઈ મેદાન, દરેક ખંડની પ્રવૃતિ અનુરૂપ સજાવટ અને લેખન. દરેક બાળકને ૨૦–૨૫ની ટુકડીમાં પ્રવૃતિ અનુરૂપ બેસવાની વ્યવસ્થા, ૩૦–૩૦ મિનિટના અંતરે મોટા બાળકોની રાહબરી હેઠળ પ્રવૃતિ ખંડ બદલાવવાની વ્યવસ્થા પણ કેટલી તાલબધ્ધ! અડધી કલાકના અંતરે દરેક બાળક સાગ સાગ... કૂચગીતના સૂરે એક ખંડમાંથી બીજા ખંડમાં! વાહ, કેટલી શિસ્ત! તજ્જ્ઞ શિક્ષકોનો વાત્સલ્યભર્યો વ્યવહાર, જે તે પ્રવૃતિ કરવા માટે દરેક બાળકોને પૂરતાં પ્રમાણમાં વસ્તુઓ પૂરી પાડવાની આવડત, પ્રોત્સાહન સાથે તૈયાર થયેલ કૃતિને પ્રદર્શનમાં ગોઠવવી, વિશેષતઃ દરેક પ્રવૃતિનું મહત્વ વાલીઓને સમજાય તે માટે દરેક ખંડ બહાર જે તે પ્રવૃતિના હેતુઓ લખેલા હતાં અને બે શિક્ષકો અને એક શિક્ષિકાબહેન મુલાકાતીઓને સમજાવતા હતાં. તેમજ મુલાકાતીઓ દ્વારા બાળકોને ખલેલ ના પહોંચે તેની પણ કાળજી રાખતા હતાં. બપોરે વિશ્રાંતિના ગાળામાં પોત પોતાના ટીફીન(ભાથું) ખોલીને સમૂહ ભોજનનો આનંદ જાણે કે પર્યટનની અનુભૂતિનો અહેસાસ કરાવી ગયો. ઉદ્દઘાટન ફૂગ્ગા ફોડીને અને સમાપન બાળકો સાથે બાળમેળો કેવો લાગ્યો તેની ચર્ચા કરીને. ન કોઈ મહાનુભાવોનું પ્રવચન કે ન કોઈ વકતવ્ય. અહીં બધા જ મહાનુભાવો અને વાલીઓ માત્ર દ્રષ્ટા અને પ્રોત્સાહક જ રહયા જયારે બાળકો મેળામાં સર્જનહાર, સર્વેસર્વા. વાહ, કેટલું સરસ!

બાળમેળો જોઈને બાળક બની જવાનું મન થાય છે.થાય છે કે...!!!

"... મુજકો લૌટાદો બચપન કા સાવન વો કાગઝકી કશ્તી વો બારીશ કા પાની...",

"કયાં ખોવાયું બચપન મારું, કોઈક તો શોધી આપો ? કોઈક તો લાવી આપો ? પેન, લખોટી, ચોકના ટૂંકડાં,જૂના પતાને કાચના કૂકા.. મુજને પાછા આપો ,,..મારૂ બચપણ કોકતો શોધી આપો..." ધન્ય છે શિક્ષકોને! કે તેઓ પોતાના બચપણમાં પાછા જઈ શકે છે.

બાળકોને આનંદથી તરબોળ કરી દે, તેમની અંદર રહેલી સુષુપ્ત શકિતઓને જગાડે, વિસ્મય અને જીજ્ઞાસાની આંખે, કલ્પનાની પાંખે સર્જનની દુનિયામાં મુકત મને વિહરવા દે, સંસ્કારોના દીપ પ્રગટાવે એવા આવા બાળમેળાઓ શાળાએ શાળાએ યોજાય તેવી નૂતન વર્ષની શ્રધ્ધા સાથે શુભકામનાઓ.

"ઘરસે મસ્જિદ હૈ બહોત દૂર , ચલો યૂં કરલે કિસી રોતે હુએ બચ્ચે કો હસાયા જાયે..."

બાળમેળાઓ કેવી રીતે યોજવાં, કેવી વ્યવસ્થાઓ કરવી, કઈ બાબતોનું ધ્યાન રાખવું, આયોજન કેવું કરવું તેના માર્ગદર્શન અર્થે આ લેખ લખવામાં આવ્યો છે.શાળાના શિક્ષકો ખંત, ધગશ, પૂરા વિશ્વાસ અને બાળકો પ્રત્યે પ્રેમભાવના રાખી પૂર્વ તૈયારી સાથે અયોજન કરી બાળમેળા યોજશે તો આ કરતાં પણ વધારે સુંદર બાળમેળાઓ કરી શકશે.

ચાલો, નૂતન વર્ષે બાળકોના મનનાં વિકાસના દ્વાર ખોલીએ , હૃદયની કેળવણી આપીએ...

**વ્યાખ્યાતા, ડાયેટ-સુરેન્દ્રનગર.**

## આપની શાળામાં વિજ્ઞાનમેળા... કેવી રીતે ?

—પિયુષ મહેતા

છેલ્લા ત્રણ દાયકાઓમાં જનજીવને ઘણા ફેરફારો અનુભવ્યા છે. વૈજ્ઞાનિક યુગમાં જીવતા માનવીએ વિજ્ઞાનની અવનવી શોધોનો અવિષ્કાર કર્યો છે. રાષ્ટ્રનો ઔદ્યોગિક વિકાસ આવી અવનવી શોધોના અવિષ્કાર પર અવલંબે છે અને શોધોના આવિષ્કાર અને એમાંયે ખાસ કરીને વિજ્ઞાનમેળાઓ અગત્યનો ભાગ ભજવે છે.

આજના આ સામ્પ્રત યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગે બાળકો વિચારતાં થાય. સમાજની પ્રગતિમાંવિજ્ઞાન અને ટેકનોલોજીનો ફાળો સમજે એ ઉદેશ્યથી ચાલુ વર્ષના વિજ્ઞાનમેળાનો વિષય **"વિજ્ઞાન, સ્વદેશી ટેકનોલોજી અને ટકાઉ વિકાસ"** રાખવામાં આવ્યો છે.

- વર્ષ ૨૦૦૨—૨૦૦૩ના વિજ્ઞાનમેળાની વિશેષતાઓ:
  - પ્રદર્શન વિભાગ—૬ સાતમો વિભાગ—વકતૃત્વ સ્પર્ધા
  - ચાલુ વર્ષથી સી.આર.સી. કક્ષાએ પણ વિજ્ઞાનમેળો યોજવાનો છે.
  - સ્પર્ધાનો ભાવ ભાગ લેનાર બાળકોમાં ન આવે તે હેતુને ધ્યાનમાંરાખીને દરેક કક્ષાએ નંબર પ્રથા દૂર કરી શ્રેષ્ઠ કૃતિઓને પસંદ કરી આગળ મોકલવામાંઆવશે.
- સી.આર.સી.કક્ષાના વિજ્ઞાનમેળાની વિગતો:
  - દરેક પેટાશાળા ભાગ લે તે બાબત પર સી.આર.સી.કો.ઓર્ડી. ખાસ ભાર મૂકવો.
  - માત્ર એક દિવસ આ મેળો યોજવાનો છે.
  - દરેક સી.આર.સી.ને રૂા. ૫૦૦-૦૦ ગ્રાંટ ફાળવવામાંઆવી છે જેમાંથી નીચેના જેવો ખર્ચ કરી શકાય.

(૧) આવેલ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે ચા/નાસ્તાની વ્યવસ્થા.
(૨) ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ પેટે કંપાસપેટી, પેન, પેન્સિલ, વિજ્ઞાનનું પુસ્તક વિ. આપી શકાય.
(૩) ભાગલેવા બદલનું પ્રમાણપત્ર.
(૪) અન્યજરૂરી વ્યવસ્થા માટે કરવો પડતો ખર્ચ.

- પ્રદર્શન વિભાગમાં — દરેક વિભાગમાંથી એક શ્રેષ્ઠ કૃતિ પસંદ કરી તેને તાલુકા કક્ષાના વિજ્ઞાનમેળામાં મોકલવાની રહેશે. દરેક કક્ષાએ શ્રેષ્ઠ કૃતિ પસંદ કરવા નીચેના જેવા મુદાઓ ધ્યાનમાંરાખવા:

૧. સર્જનાત્મક શકિત, મૌલિકતા, નવીનતા.
૨. ટેકનીકલ કૌશલ્ય
૩. ઓછી પડતર કિંમત, સ્થળાંતર ક્ષમતા
૪. વૈજ્ઞાનિક વિચાર, સિધ્ધાંત, અભિગમ
૫. વર્ગ શિક્ષણમાં ઉપયોગિતા, શૈ.મૂલ્ય.
૬. રજૂઆત.

- વકતૃત્વ સ્પર્ધા માટે — વિષયવસ્તુ, રજૂઆત, ઉચ્ચાર શુદ્ધિ અને સમગ્ર છાપ જેવા મુદાઓ ધ્યાનમાં લેવા.
- કૃતિ પસંદગીના નિર્ણાયકો માટે — બી.આર.સી.કો.ઓર્ડી., સી.આર.સી.કો.ઓર્ડી., અન્ય તાલુકાની શાળાના અનુભવી વિજ્ઞાન શિક્ષકો, કે.નિ. શ્રીઓ તાલુકાની માધ્યમિક શાળાના વિજ્ઞાન શિક્ષકો.
- જુદા-જુદા તાલુકામાંયોજાનાર સી.આર.સી. કક્ષાના તેમજ તાલુકા કક્ષાના વિજ્ઞાનમેળાની તારીખ અને સ્થળ દર્શાવ્યા મુજબ છે.

| | સી.આર.સી.કક્ષા | | | તાલુકા કક્ષા | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકા | તારીખ | સ્થળ | તારીખ | સ્થળ |
| ૧. | હળવદ / મૂળી | ૨૫–૧૧–૦૨ | જે તે સી.આર.સી. | ૧૭/૧૮–૧૧–૦૨ | પે.સે.નં.૧,હળવદ–મૂળી |
| ૨. | ધ્રાંગધ્રા/પાટડી | ૨૬–૧૧–૦૨ | સદર | ૧૮/૧૯–૧૧–૦૨ | પે.સે.નં.૧,પાટડી–ધ્રાંગધ્રા |
| ૩. | વઢવાણ–ન.પા.સુ.નગર/ લખતર | ૨૭–૧૧–૦ | સદર | ૧૯/૨૦–૧૧–૦૨ | લાડકીબાઈ–વઢવાણ. સહયોગ વિદ્યા.લખતર |
| ૪. | લીંબડી–ન.પા.લીંબડી ચુડા | ૨૮–૧૧–૦૨ | સદર | ૨૦/૨૧–૧૧–૦૨ | ન.પા.શાળા નં.૧–લીંબડી. પે.સે.નં.૨,ચુડા. |
| ૫. | સાયલા/ચોટીલા | ૨૯–૧૧–૦૨ | સદર | ૨૧/૨૨–૧૧–૦૨ | પે.સે.નં.૧,સાયલા પે.સે.નં.૧,થાનગઢ. |

સી.આર.સી.કો.ઓર્ડીનેટરે કરેલ ખર્ચની ફાઈલ નિભાવવાની રહેશે. અને લાયઝન ઓફીસરશ્રી જ્યારે માંગે ત્યારે અત્રે રજૂકરવાની રહેશે.

- જો વધારે ખર્ચ થયો હોય તો લોકસહકાર દ્વારા તેની પૂર્તિ કરવી.
- વિશેષ ધ્યાનમાં રાખવાની બાબતો:
  - ચૂંટણીની આચાર સંહિતાને કારણે કોઈ પદાધિકારીને ઉદ્‌ઘાટન દરમ્યાન ન બોલાવવા તેની ખાસ કાળજી રાખવી.
  - તાલુકા કક્ષાના વિજ્ઞાનમેળામાં પણ કૃતિની પસંદગી માટે ઉપર મુજબના મુદ્દાઓ ધ્યાનમાં લેવા. આ વિજ્ઞાનમેળો દિવસ – ૨(બે) ગોઠવવાનો છે. જેનું આયોજન ડાયેટના તાલુકાના લાયઝન ઓફીસરશ્રી, કે.નિ.શ્રી, બી.આર.સી.કો.ઓર્ડી.,સી.આર.સી.કો.ઓર્ડી., વગેરે સાથે સંકલન કરી કરવાનું રહેશે.
  - વિજ્ઞાનમેળા અંગેની માહિતી ઓગસ્ટ – ૨૦૦૨ ના "જીવન શિક્ષણ" ના અંકમાં આપવામાંઆવી છે. આમ છતાં વિશેષ માહિતી માટે ડાયટના વિજ્ઞાન સલાહકાર શ્રી પીયુષભાઈ મહેતાનો સંપર્ક કરશો.
  - **જિલ્લા કક્ષાના વિજ્ઞાનમેળાની સંભવિત તા: ૨૬–૨૭–૨૮ ડીસેમ્બર ૨૦૦૨ (ત્રણ–દિવસ) તથા સંભવિત સ્થળ શ્રી એમ. ટી. દોશી વિદ્યાલય–વઢવાણ રહેશે.**

**વિજ્ઞાન સલાહકાર**
**ડાયેટ–સુરેન્દ્રનગર**

➡ પ્રા. શાળા – આદલસર (લખતર) ગામનાં P.T.A. ના સભ્ય શ્રી વનરાજભાઈ લકુમને ડાયેટ પરિવાર અભિનંદન પાઠવે છે.તેઓશ્રી રાત્રે ધોરણ ૧ થી ૭માં અભ્યાસ કરતા તમામ બાળકોને દરરોજ રાત્રે કોઈપણ પ્રકારના માનદ વેતન વગર બે કલાક બાળકોને શિક્ષણ આપે છે.જો એકલા વનરાજભાઈ તમામ બાળકોને બે કલાક સમય આપીને પરિવર્તન લાવી શકતા હોય તો આપણે તો પાંચ કલાકનો સમય એક ધોરણનાં બાળકો માટે આપીએ છીએ...!!! વનરાજભાઈને **અભિનંદન**

➡ સપ્તક કલાવૃન્દ આયોજીત હળવદ તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓના બાળકો માટે ગરબા મહોત્સવનું આયોજન આઈ.ટી.આઈ.કોલેજ, હળવદ ખાતે તા. ૭ ઓકટો. ૨૦૦૨ ને સોમવારના રોજ કરવામાં આવ્યું જેમાં હળવદ તાલુકની તમામ ૧૩ પે.સે. શાળાના બાળકોએ ભાગ લીધો.આયોજકોને **અભિનંદન.**

## સંસ્થા સમાચાર

જે. એમ. પટેલ

એમ. બી. પરમાર

➡ જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર પ્રેરિત ધોરણ-૭ સંસ્કૃત (રિસોર્સ પર્સન)નો ઝોન કક્ષાનો તાલીમ વર્ગ આ ભવન ખાતે ત્રણ દિવસનો નિવાસી તાલીમ વર્ગ યોજાઈ ગયો. જેમાં ભાવનગર, રાજકોટ, કચ્છ-ભૂજ અને સુરેન્દ્રનગર જિલ્લાના વ્યાખ્યાતા તેમજ શિક્ષકોને તજજ્ઞ તરીકેની તાલીમ આપવામાં આવી. જેનું વર્ગ સંચાલન સોનલબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું. (તા: ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૦૨)

➡ જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા "તારુણ્ય શિક્ષણ" અંગે ટેલીકોન્ફરન્સ યોજાયેલ. ઉપરોકત કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ જીજ્ઞાસા પૂર્વક પ્રશ્નાવલી કાર્યક્રમમાં ભાગ લીધેલ. સામ્પ્રત યુગમાં આ કાર્યક્રમ ખૂબ જ આવકારદાયક રહયો. (તા: ૧૭ સપ્ટેમ્બર ૨૦૦૨)

➡ ડાયેટ-સુરેન્દ્રનગર ખાતે પ્રશ્નપત્ર રચના શિબિર (સત્રાંત) નું આયોજન કરવામાં આવ્યું. જેનું વર્ગ સંચાલન સી. ટી. ટુંડીયા દ્વારા કરવામાં આવ્યું. (તા: ૨૪, ૨૫ સપ્ટેમ્બર ૨૦૦૨)

➡ ડાયેટ – સુરેન્દ્રનગર દ્વારા પી.ટી.સી.ના તાલીમાર્થીઓના પ્રવેશાંકન માટે "પ્રવેશોત્સવ તથા વાલી સંમેલન" **માન. શ્રી ર્ડા. નલિન પંડિત સાહેબ**(નિયામક, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર)ના અધ્યક્ષ સ્થાને યોજાયો. ઉપરોકત કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે **માન.શ્રી શાહબુદિન રાઠોડ** (તત્વચિંતક-હાસ્ય લેખક), **માન.શ્રી નાગજીભાઈ દેસાઈ-ભાઈ** (શિક્ષણવિદ્), **માન. ર્ડા. મોતીભાઈ પટેલ** (શિક્ષણવિદ્) ઉપસ્થિત રહયાં. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે શ્રી સી. એસ. કિશોરી (જિલ્લા શિક્ષણાધિકારી), શ્રી પી. એફ. પારગી (જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી), શ્રી જે. વી. જોશી (વન સંરક્ષક અધિકારી), તથા શ્રી ભરતસિંહ રાણા (પ્રમુખ, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ) ઉપસ્થિત રહયાં. આ કાર્યક્રમમાં કે.નિ.શ્રી(તમામ), બી.આર.સી.કો.ઓર્ડી.(તમામ), પી.ટી.સી.ના તાલીમાર્થીઓના વાલીઓ તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહયાં. (તા: ૨૭ સપ્ટેમ્બર ૨૦૦૨)

➡ જિલ્લાના તમામ બી.આર.સી.કો.ઓર્ડી. તથા સી.આર.સી.કો.ઓર્ડી. માટે "બાળમેળા સંદર્ભે વિચારગોષ્ઠિ" નું આયોજન ભવન ખાતે કરવામાં આવ્યું. આ વર્ગમાં માન.શ્રી એન. જે. મકવાણા સાહેબ (પ્રાચાર્ય) તથા માન.શ્રી પી.એફ. પારગી સાહેબ (જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી)દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. (તા: ૩ ઓકટોબર ૨૦૦૨)

➡ ડાયેટ-સુરેન્દ્રનગર ખાતે યોજાયલે નવરાત્રિ મહોત્સવમાં માન.શ્રી પી. એફ. પારગી સાહેબ ઉપસ્થિ રહીને શકિત આરાધનામાં ભાગ લીધો. (તા: ૧૦ ઓકટોબર ૨૦૦૨)

➡ ડાયેટ – સુરેન્દ્રનગર દ્વારા કલા શિક્ષણના વર્ગનું આયોજન કરવામાં આવ્યું. અને પ્રાથમિક શિક્ષણમાં કલા શિક્ષણના મહત્વ અંગે મોડયૂલ રચના કરવામાં આવી. ઉપરોકત તાલીમ વર્ગનું સંચાલન એન. કે. રાવલીયા દ્વારા કરવામાં આવ્યું. (તા: ૧૧, ૧૨ અને ૧૩ ઓકટોબર ૨૦૦૨)

➡ ડાયેટ-સુરેન્દ્રનગર દ્વારા સંગીત શિક્ષણના વર્ગનું આયોજન કરવામાં આવ્યું. ઉપરોકત તાલીમ વર્ગમાં ધોરણ ૫, ૬ અને ૭ ના ગુજરાતી વિષયના કાવ્યોને સંગીતમય લોકઢાળમા ઢાળવામાં આવ્યાં અને તેની ઓડીયો કેસેટ બનાવવામાં આવી. ઉપરોકત તાલીમ વર્ગનું સંચાલન જે. જે. જોષી દ્વારા કરવામાં આવ્યું. (તા: ૧૧, ૧૨ અને ૧૩ ઓકટોબર)

➡ જિલ્લા રમત-ગમત કચેરી દ્વારા યુવા અને સાંસ્કૃતિક મહોત્સવ ધ્રાંગધ્રા સ્થળ પર યોજાઈ ગયો. ઉપરોકત

કાર્યક્રમમાં પી.ટી.સી.ના તાલીમાર્થીઓ(ડાયેટ)એ ભાગ લઈને પોતાનો કાર્યક્રમ સફળતા પૂર્વક રજૂ કર્યો. (તા: ૧૧ ઓક્ટોબર ૨૦૦૨)

- માન.શ્રી વી. બી. ભેસદડિયા (જિલ્લા શિક્ષણાધિકારી–રાજકોટ) દ્વારા ડાયેટ – સુરેન્દ્રનગરની સૌજન્ય મુલાકાત લેવામાં આવી. અને ડાયેટના પ્રાર્થના કાર્યક્રમમાં નવરાત્રિ મહોત્સવ નિમિતે શકિત આરાધના કરી. તાલીમાર્થીઓ સમક્ષ પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું. (તા: ૧૨ ઓક્ટોબર ૨૦૦૨)
- જિલ્લા વન સંરક્ષણ કચેરી દ્વારા ડાયેટ–સુરેન્દ્રનગર સ્થળ પર વન્ય ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાંઆવ્યું. ઉપરોકત કાર્યક્રમમાં પી.ટી.સી.ના તાલીમાર્થીઓએ પોતાની વન્યસૃષ્ટિ અંગેની કલ્પનાઓને ચિત્રાંકિત કરી. (તા: ૧૨ઓક્ટોબર ૨૦૦૨)
- ડાયેટ–સુરેન્દ્રનગર સ્થળ પર "કાનૂની શિક્ષણ શિબિર" નું આયોજન કરવામાં આવ્યું. ઉપરોક કાર્યક્રમમાં માન. શ્રી કાયસ્થ સાહેબ (સિવિલ જજ, સિનિયર ડિવીઝન), માન. શ્રી શરીન સાહેબ (એડવોકેટ), શ્રી પ્રફુલ્લભાઈ શાહ (એડવોકેટ) અને શ્રી કલ્પેશભાઈ દવે (એડવોકેટ) ઉપસ્થિ રહીને ઉત્તમ માર્ગદર્શન આપ્યું. પી.ટી.સી.ના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવેલ પ્રશ્નોત્તરીના જવાબો આપવામાં આવ્યાં. (તા. ૧૯ ઓક્ટો. ૨૦૦૨)
- ડાયેટ–સુરેન્દ્રનગર ખાતે યુનિસેફ પ્રેરિત "આયોડિન યુકત મીઠાની ઉણપથી થતા રોગો" ના વર્ગનું આયોજન કરવામાંઆવ્યું. જેમાં સૌરાષ્ટ્ર ઝોનના ૧૦ જિલ્લામાંથી ગણિત–વિજ્ઞાનના વ્યાખ્યાતાશ્રીઓ અને સી.આર.સી.તથા બી.આર.સી.કો.ઓર્ડી., ને હાજરી આપી. જે વર્ગનું સંચાલન શ્રી જે. એમ. પટેલ સાહેબ દ્વારા કરવામાંઆવ્યું. (તા: ૨૧ ઓક્ટોબર ૨૦૦૨)
- જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા આયોજિત **DIET Capacty Building Programme** નો પાંચ દિવસનો નિવાસી તાલીમ સેમિનાર યોજાઈ ગયો. ઉપરોકત કાર્યક્રમમાં **Two Way Vidio Conf.** નું ઉદઘાટન માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબ દ્વારા કરવામાં આવ્યું. જેમાં મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય(ગાંધીનગર)માંથી માન.મુખ્યમંત્રીશ્રી, કડી કેમ્પસ(ગાંધીનગર)માં માન.શ્રી આનંદીબેન પટેલ(શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય) તથા સરઢવ(ગાંધીનગર)ખાતે માન.શ્રી વાડીભાઈ પટેલ સાહેબ (સહકાર મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)ના દ્વારા કરવામાં આવ્યું.

આ પાચ દિવસના નિવાસી તાલીમમાં અનેકાનેક મહાનુભાવો ઉપસ્થિત રહયાં અને તજજ્ઞ તરીકે સેવા આપીને તેમના જ્ઞાન–અનુભવનો લાભ આપ્યો. ઉપસ્થિત રહેનાર મહાનુભાવો નીચે પ્રમાણે હતાં.

- માન.શ્રી જે. એસ. રાજપુત સાહેબ, DIRECTOR, N.C.E.R.T., NEW DELHI
- માન. પ્રો શ્રી એ. એન. મહેશ્વરી સાહેબ, CHAIRMAN, N.C.T.E., NEW DELHI
- માન. શ્રી આનંદીબેન પટેલ, શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય.
- માન. ડૉ. વરેશ સિંહા સાહેબ (I.A.S.), શિક્ષણ સચિવશ્રી, ગુજરાત રાજ્ય.
- માન. શ્રીમતિ જયંતિ રવિ (I.A.S.), SCHOOL OF COMM. ગુજરાત રાજ્ય
- માન. શ્રીમતિ ડૉ. પી. એસ. ઉમાશ્રી, પ્રોગ્રામ ઓફિસર–શિક્ષણ, યુનિસેફ–ગાંધીનગર.
- માન. ડૉ. એસ. જી. ગુપ્તા સાહેબ (I.A.S.), નિયામક, ડી.પી.ઈ.પી., ગુજરાત રાજ્ય.
- માન. શ્રી પી. વી ત્રિવેદી સાહેબ (I.A.S.) ,ચેરમેન, મા./ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગુ.રા.
- માન. શ્રી આર. કે. ચોધરી સાહેબ, નિયામક, પ્રાથમિક શિક્ષણ – ગુજરાત રાજ્ય.
- માન. શ્રી આર. સી. રાવલ સાહેબ, નિયામક, ગુ.રા.શાળા પા.પુ., ગુજરાત રાજ્ય.
- માન. શ્રી એચ. એન. હિંગુ સાહેબ, અધ્યક્ષ, માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
- માન. શ્રી આર. ડી. તડવી સાહેબ, અધ્યક્ષ, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય.

– માન. શ્રી એચ. એન. હિંગુ સાહેબ, અધ્યક્ષ, માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
– માન. શ્રી આર. ડી. તડવી સાહેબ, અધ્યક્ષ, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય.
– માન.શ્રી ગીજુભાઈ ભરાડ સાહેબ, નિયામક, લોકવિજ્ઞાન કેન્દ્ર – રાજકોટ.
– શ્રી ભારતદાદા પાઠક, શિક્ષણવિદ્, ભાવનગર.

આ તાલીમ વર્ગમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (તમામ) ના વ્યાખ્યાતાશ્રીઓ, ગ્રંથપાલ, લેબ.આસી., તથા પ્રાચાર્ય સાહેબશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં.

ઉપરોક્ત સેમિનારમાં ડાયેટ સુરેન્દ્રનગરના Science Park, Library, Campus Development , Adolscence Educaton and Palash Magazine માં ઉત્તમ કામગીરી બદલ માન.શ્રી એ. એન. મહેશ્વરી સાહેબ ( CHAIRMAN, N.C.T.E., NEW DELHI )ના હસ્તે માન.શ્રી એન. જે. મકવાણા સાહેબ(ડાયેટ–પ્રાચાર્ય)ને પ્રમાણપત્ર આપવામાં આવ્યું.

આ પાંચ દિવસના નિવાસી તાલીમ વર્ગનું માર્ગદર્શન તથા સંચાલન માન. શ્રી નલિન પંડિત સાહેબ (નિયામક, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર) ના રાહબરી નીચે કરવામાં આવ્યું.(તા. ૨૫ થી ૨૯ ઓકટો. ૨૦૦૨)

➡ જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા આયોજિત "તારુણ્ય શિક્ષણ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત સંશોધન સેમિનાર" પાંચ દિવસના નિવાસી તાલીમ વર્ગ યોજાયો. જેમાં માન. શ્રી એમ. એમ. જાવીયા સાહેબ(રીડર, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર) ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપ્યું. જેમાંસંતરામપુર, પાલનપુર, ઈડર, ભૂજ અને સુરેન્દ્રનગરના બે–બે વ્યાખ્યાતાશ્રીઓ ઉપસ્થિત રહયાં. (તા:૧૨ થી ૧૬ નવેમ્બર ૨૦૦૨)

## વિરાંગના લક્ષ્મીબાઈ

ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોએ જેમનું નામ અંકિત થયેલ છે તેવા બહાદુર ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનો જન્મ ૧૧મી નવેમ્બર ૧૮૩૫ના રોજ કાશી ખાતે થયો હતો. બાળપણથી જ તેજસ્વી એવા લક્ષ્મીબાઈ યુવાન વયે પહોંચતા જ ઝાંસીના મહારાજા ગંગાધરરાવ સાથે લગ્નગ્રંથી થી જોડાયા. તેમના આ દાંમ્પત્ય જીવન દરમ્યાન મહારાજા ગંગાધરરાવે એક પુત્ર દત્તક લીધો. પરંતુ આ દત્તક વિધિને અંગ્રેજોએ અમાન્ય રાખ્યું અને ઝાંસીનું રાજ્ય ખાલસા કર્યું.

આમ છતાં લક્ષ્મીબાઈએ પોતાની ખુમારી ન છોડી અને "મૈ અપને ઝાંસી નહી દુંગી... ના લલકાર સાથે યુધ્ધ છેડયું. યુધ્ધ સામગ્રી અને સૈનિકો ઓછા હતાં. પરંતુ બહાદુરી ઠાંસી ઠાંસી ભરી હતી. સતત ૯(નવ) દિવસ યુધ્ધ સંગ્રામ ખેલ્યો. જેમાં સેનાપતિ લાચાર થઈ પરત ફર્યા. પરંતુ કોઈએ ગુપ્ત માર્ગ બતાવી દેતા ઝાંસી કબ્જે કરાઈ. આમ છતાં રાણી લક્ષ્મીબાઈ ડર્યા વગર બે હાથમાં ખુલ્લી તલવાર અને મોઢામા ઘોડાની લગામ રાખી પીઠ પર કુવંરને બાંધી ઝાંસીના કિલ્લા પરથી ભૂસકો મારી, અંગ્રેજ સેના સામે બહાદુરીપૂર્વક લડતા લડતા સેનાનો વ્યૂહ તોડી સડસડાટવીજળીની જેમ બહાર નીકળી ગયા.

પરંતુ લડતા લડતા જખ્મી થતાં તેઓ નિર્વાણ પામ્યા. આજે તેમના મૃત્યુના ૧૬૬ વર્ષ પછી પણ તેમની ખુમારી અને મર્દાનગીને આપણે ભૂલી શકયા નથી. બહાદુર રાણી વિરાંગના લક્ષ્મીબાઈને ફરી એકવાર ભાવભરી શ્રધ્ધાંજલિ...સો સો સલામ...વંદન.

**સંકલન : સી.ટી. ટુંડીયા**

DIET Capacity Building Programme

**Gujarat Council for Educational Research & Training, Gandhinagar**

# CERTIFICATE

## District Institute of Education & Training

**Surendranagar**

*DIET has done unique work in raising the dignity of Education of Gujarat at the State and National Level. DIET has created its identity through special way of working.*

*Under the effective leadership of GCERT, DIET has achieved special capacity in the following work area. We are proud of it and congratulate for the same.*

- *Science Park*
- *Library*
- *Campus Development*
- *Adolescence Education*
- *Palash Magazine*

Place : Gandhinagar
Date : 29/10/2002

**(Dr. Nalin Pandit)**
***Director***
GCERT
Gandhinagar

# શિક્ષણોપનિષદ્

– એલન એ. ગ્લેથોર્ન

વિદ્યાર્થી કોણ છે ?
ઈશ્વરનું સંતાન, નહી કે માળખાગત રમકડું.

શિક્ષક કોણ છે ?
માર્ગદર્શક, નહી કે પહેરેગિર.

વિદ્યાશાખા શું છે ?
વિદ્વાનોની મંડળી, નહી કે કામદારોની મંડળી.

આચાર્ય કોણ છે ?
શિક્ષણ પારંગત, નહી કે શિક્ષકોનો માલિક.

અધ્યયન શું છે ?
યાત્રા, નહી કે કોઈ લક્ષ્ય બિંદુ.

શોધ શું છે ?
જવાબ સામે પ્રશ્ન, નહી કે પ્રશ્નોના જવાબ.

પ્રક્રિયા શું છે ?
જ્ઞાન ખોજ, નહી કે પાઠ્યપુસ્તકની પૂર્ણાહુતિ.

ધ્યેય શું છે ?
ખુલ્લું મન, નહી કે ગ્રંથિ ગઠન.

પરીક્ષા શું છે ?
અસ્તિત્વ અને પ્રાગટ્ય, નહી કે ગોખણપટ્ટી.

વિદ્યાલય શું છે ?
આપણા સૌનું અભિપ્સિત સર્જન.

સંકલન : ધર્મિષ્ઠાબેન પંડયા
શાસનાધિકારી, રાજકોટ

સ્ટેમ્પ

O. I. G. S. Printed Matter Book-Post

પ્રતિ,
આચાર્યશ્રી,
______ પે. સેન્ટર / પ્રાથમિક શાળા,
તાલુકો : ______
જિ. સુરેન્દ્રનગર.

રવાના:
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સામે,
સુરેન્દ્રનગર
પીન : ૩૬૩ ૦૦૧